# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:-૦૨૬૧-૨૬૬૨૯૦૩ :-suratdeo@gmail.com

Fax no:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨web :-www.suratdeo.org


ક્રમાંક: મા-૫/ઉ.શિ /ઉ.પ.ધો/મંજૂરી/૨૦૨૩/ ૧૫૨૬૫

તા.૦૧/૦૯/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

બિનઅનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ (તમામ),

જિલ્લો-સુરત.

વિષય: ઉદ્યોગ શિક્ષકોના ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવા બાબત.

સંદર્ભ: નાયબ શિક્ષણ નિયામકશ્રી (૧૦+૨), કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના તા.૩૧/૦૮/૨૦૨૩ ના પત્રાંક: ઉમશ/ઉમા-૦૪/ઉદ્યોગ શિક્ષક/૨૦૨૩/૪૫૪૮-૮૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં (કેમિકલ ટેકનોલોજી વાળા) ઉદ્યોગ શિક્ષક તરીકે નિમણૂંક પામેલા કર્મચારીઓની નિમણૂંક સમયની લાયકાત, પગારધોરણ તેમજ ત્યારબાદ મેળવેલ લાયકાત સંબંધિત આધાર/પુરાવા તેમજ સેવાપોથીમાં પગાર ધોરણની વિગતો અંગેની નકલો સહિત અત્રેની કચેરીમાં તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અત્રેની કચેરીમાં ઉપસ્થિત થવાનું રહેશે.

સદર માહિતી નિયત સમય મર્યાદામાં વડી કચેરીને રજૂ કરવાની હોઈ સંબંધિત શાળાઓએ તાત્કાલિક માહિતી રજૂ કરવાની રહેશે.

- એન.ઓ.સી/ જાહેરાતની પ્રમાણિત નકલ
- સેવાપોથીના પહેલા, બીજા પાનાની પ્રમાણિત નકલ
- સેવાપોથીમાં નિમણૂંક સમયના પગારધોરણની પ્રમાણિત નકલ
- તા.૦૧/૦૧/૧૯૯૬ ના ગાંધીનગરના સિક્કાની પ્રમાણિત નકલ
- મૂળ નિમણૂંક તારીખથી આજ દિન સુધી મળેલ ઉચ્ચત્તર પગારધોરણના સિક્કાઓની પ્રમાણિત નકલ
- છઠ્ઠા પગારપંચ તેમજ સાતમા પગારપંચના સ્ટીકરની પ્રમાણિત નકલ
- ડાયમંડ જ્યુબીલી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ
- નામ. કોર્ટમાં કેસ દાખલ કરેલ હોય તો તેની પ્રમાણિત નકલો.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત

Scanned with CamScanner

કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર ઉ૧૦+૨શાખા
શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય

Ref. No. -ઉમશ/ઉમા-૦૪/ઉદ્યોગ શિક્ષક/૨૦૨૩/૪૫૪૯-૫૨ Date:૩૧/૦૮/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
તમામ

વિષય:- ઉદ્યોગ શિક્ષકોના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબત.
સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગનો તા.૧૦/૦૮/૨૦૨૩ નો પત્ર ક્રમાંક: ED/0153/08/2023
(૨) અત્રેની કચેરીનો તા.૧૯/૦૮/૨૦૨૩ નો પત્ર ક્રમાંક: ઉમશ/ઉમા-૦૪/ઉદ્યોગ શિક્ષક/૨૦૨૩/૪૪૨૧-૫૫

ઉપરોક્ત વિષય સંદર્ભે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના સંદર્ભ-(૧) દર્શિત પત્ર અન્વયે અત્રેની કચેરીના સંદર્ભ-(૨) દર્શિત પત્રથી ગુગલ ફોર્મ દ્વારા ઉદ્યોગ શિક્ષકોના ઉ.પ.ધો. બાબતની વિગતો મંગાવવામાં આવેલ. શિક્ષણ વિભાગના ઉક્ત સંદર્ભ-(૧) દર્શિત પત્ર અન્વયે નીચેના મુદ્દા વાઈઝ વિગતો અલગ અલગ માંગેલ હોઈ આપના જિલ્લા દ્વારા મોકલી આપેલ માહિતીનું પત્રક આ સાથે સામેલ રાખી આપને જરૂરી ખરાઈ માટે મોકલી આપવામાં આવે છે. આપના જિલ્લાની માહિતીના પત્રકમાં દર્શાવેલ વિગતો સંપૂર્ણ સાચી અને ખરી છે તેની પૂરતી ચકાસણી કરી નીચે મુજબના મુદ્દાઓ સેવાપોથી સાથે સરખાવી અને બાકી રહી ગયેલ મુદ્દાઓની પૂર્તતા કરી તે તમામ વિગતો આ સાથે સામેલ મુદ્દા વાઈઝ પત્રકોમાં ભરી આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

તેમજ આપની કચેરી દ્વારા મોકલી આપેલ માહિતીમાં કોઈપણ કર્મચારીની વિગતો બાકી રહી ગયેલ હોય તો તેની વિગતો પણ મોકલી આપવી.

1. કમિશનર કચેરીના તા.૦૫/૦૬/૧૯૯૨ ના પત્ર મુજબ ઉદ્યોગ શિક્ષકો માટે તા.૦૨/૦૭/૧૯૭૭ ના પત્રની કોલમ-૪ મુજબની લાયકાત મુજબ ભરતી કરવાની રહેશે તેવી સ્પષ્ટતા થયેલ છે. જેથી તા.૦૨/૦૭/૧૯૭૭ ના પત્રના કોલમ-૪ ના ક્રમ-૫ (કેમિકલ ટેકનોલોજી) વાળા ઉદ્યોગ શિક્ષકો માટે Degree of Diploma in Chemical Technology or Technology or Pharmacy in at lest second class ની લાયકાત તા.૦૬/૦૫/૧૯૯૨ બાદ નિમણૂંક પામેલ ઉદ્યોગ શિક્ષક ધરાવતા હોવા જોઈએ. તો તા.૦૬/૦૫/૧૯૯૨ બાદ કેટલા એવા શિક્ષકો નિમણૂંક પામેલ છે કે જેઓ ઉક્ત લાયકાત ધરાવતા નથી અને સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા ભરતી માટે એન.ઓ.સી. અને નિમણૂંકની બહાલી આપેલ છે. તેની વિગતો
2. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડના તા.૧૫/૦૨/૨૦૦૫ ના પત્રના ક્રમ-૦૪ મુજબ કેમિકલ ટેકનોલોજી માટે બી.એસ.સી.(કેમેસ્ટ્રી)+ડાયમંડ જ્યુબિલીનો સર્ટીફીકેટ કોર્ષ/સરકાર માન્ય સંસ્થાનો કેમિકલ ટેકનોલોજીનો ડિપ્લોમાં અભ્યાસક્રમ (ટી.ઈ.બી. પેટર્ન મુજબ) ની લાયકાત દર્શાવેલ છે. તો ઉક્ત કર્મચારીમાંથી કેટલા શિક્ષકો આવી લાયકાત ધરાવતા નથી તેની લીસ્ટ સાથેની વિગતો
3. નિમણૂક સમયે ઓછી લાયકાત ધરાવતા ઉ.શો. તેઓ જ્યા સુધી લાયકાત ન મેળવે ત્યા સુધી બિન તાલીમીનું પ.ધો. રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે ૨૪૦૦ આપવાનું થાય છે તો ઓછી લાયકાત ધરાવતા કેટલા શિક્ષકોને ગ્રેડ પે ૨૪૦૦ મુજબનું પગાર ધોરણ આપેલ છે. તેનું લીસ્ટ



Scanned with CamScanner

4. કેટલા કર્મચારીઓને ઓછી લાયકાત ધરાવતા હોવા છતાં પણ પૂર્ણ લાયકાતવાળા શિક્ષકોનું પગાર ધોરણ રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે ૨૮૦૦ આપેલ છે તેનું લીસ્ટ
5. ઉક્ત કર્મચારીઓના કેસમાં અગાઉ જિલ્લા કક્ષાએથી લોકલ ફંડ દ્વારા કેટલા કર્મચારીઓના કેસોમાં ૧૦૦% મુજબ ઉ.પ.ધો. મંજુર કરેલ છે. તેની સેવાપોથી ચકાસી વિગતો રજુ કરવી.
6. ઉક્ત કર્મચારીઓના કેસમાં અગાઉ જિલ્લા કક્ષાએથી લોકલ ફંડ દ્વારા કેટલા કર્મચારીઓના કેસોમાં ૬૦% મુજબ ઉ.પ.ધો. મંજુર કરેલ છે. તેની સેવાપોથી ચકાસી વિગતો રજુ કરવી.
7. જિલ્લા કક્ષાએ ઉક્ત કર્મચારીઓને કયા વર્ષ સુધી લોકલ ફંડ દ્વારા ઉ.પ.ધો.ની ચકાસણી કરી આપેલ છે તેની આધાર સહ વિગતો
8. ઉદ્યોગ શિક્ષકો દ્વારા કુલ-૮ કોર્ટ કેસ થયેલ છે તેની તમામ વિગતો તથા તેઓ દ્વારા કેમ કોર્ટ કેસ કરેલ છે/તેઓની માંગણી શું છે તેની વિગતો તથા ઉક્ત કોર્ટ કેસોમાં હાલની પરીસ્થિતી શું છે તેની તમામ વિગતો (અમદાવાદ ગ્રામ્ય: એસ.સી.એ.નં.૪૫૨/૨૦૨૦, ૧૮૪૦૫/૨૦૧૯, ૧૮૪૩૩/૨૦૧૯ અને ૨૦૫૦૯/૨૦૧૮, મહેસાણા: એસ.સી.એ.નં. ૭૨૧૬/૨૦૨૧, ગાંધીનગર: એસ.સી.એ.નં.૮૮૦૦/૨૦૨૨ અને અમદાવાદ શહેર: એસ.સી.એ.નં.૧૩૩૭૫/૨૦૧૮ અને ૧૩૯૪૧/૨૦૧૮ ની પૂરી વિગતો ચકાસણી કરી મોકલવી.)
9. કુલ કેટલા કર્મચારીઓને ઉ.પ.ધો. (પ્રથમ/દ્વિતિય/તૃતિય) મંજુર થયેલ છે અને તેની પગાર ચકાસણી જિલ્લા કક્ષાની લોકલ ફંડ/પગાર ચકાસણી એકમ, ગાંધીનગર દ્વારા કરેલ છે તેની વિગતો
10. ઉક્ત કર્મચારીઓમાંથી કેટલા કર્મચારીઓ નિવૃત્ત થયેલ છે અને કેટલા કર્મચારીઓ હાલ નોકરીમાં ચાલુ છે તેની વિગતો
11. દરખાસ્ત હેઠળના કર્મચારીઓમાંથી કુલ કેટલા કર્મચારીઓએ નિમણૂંક બાદ નિયત લાયકાત મેળવેલ છે તેની વિગતો કેટલા કર્મચારીઓએ હજુ સુધી નિયત લાયકાત મેળવેલ નથી તેની વિગતો અને કારણો
12. દરખાસ્ત મુજબ વિચારણા કરીએ તો પડનાર નાણાકીય ભારણની વિગતો
13. ઉક્ત કર્મચારીઓના કેસમાં ૧૦૦% મુજબ ઉ.પ.ધો. આપવાની માંગણી છે કે ૬૦% મુજબ તે બાબતે તથા પગાર ધોરણ મળવાપાત્ર થાય તે અંગે આપની કચેરીનો સ્પષ્ટ અભિપ્રાય

ઉક્ત તમામ મુદ્દા વાઈઝ પત્રકો આ સાથે સામેલ છે, જે પત્રકોની વિગતો શિક્ષણ વિભાગને તત્કાલીક પૂરી પાડવાની હોવાથી આપે અગાઉ મોકલી આપેલ માહિતીના ગુગલ ફોર્મમાં મોકલી આપેલ માહિતી સાથે ચકાસણી કરી દિન-૦૨ માં શ્રુતિ ફોન્ટ, એક્સેલ શીટમાં સોફ્ટ કોપી તેમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના સહિ/સિક્કા સહિતની હાર્ડ કોપી ss.umabranch@gmail.com પર મોકલી આપવા આપશ્રીને જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
(૧૦+૨)
ગુ.રા., ગાંધીનગર

બિડાણ:

- મુદ્દા વાઈઝ પત્રકો (એક્સેલ શીટ)

9/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar-382010
Website - https://cos.gujarat.gov.in
E-Mail Address – ss.umabranch@gmail.com
Landline Number – 079232 54001

CamScanner
Scanned with CamScanner